ત્રણ દિવસ હજી ગુજરાત માટે ભારે

મોન્સૂન ટ્રફ, મધ્ય પ્રદેશ ઉપર સક્રિય અપર એર સાયક્લોનિક સર્ક્યુલેશન તેમજ શિયર ઝોનની અસર

આજે દક્ષિણ જ્યારે 24 અને 25 જુલાઇએ મધ્યગુજરાતમાં વરસાદનું રેડ એલર્ટ

ગાંધીનગર : ગુજરાતમાં મેઘરાજાનું જોર હજુ યથાવત્ રહેવાના સંકેતો વચ્ચે હવામાન વિભાગે આગામી ત્રણ દિવસ માટે ભારે વરસાદની ચેતવણી જાહેર કરી છે. મોન્સૂન ટ્રફ, મધ્ય પ્રદેશ ઉપર સક્રિય અપર એર સાયક્લોનિક સર્ક્યુલેશન તેમજ શિયર ઝોનની અસરને કારણે રાજ્યના અનેક વિસ્તારોમાં ભારેથી અતિભારે વરસાદની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે. ખાસ કરીને 23 જુલાઈએ દક્ષિણ ગુજરાતના સુરત, ડાંગ, નવસારી, વલસાડ તેમજ દમણ અને દાદરા-નગર હવેલીમાં અત્યંત ભારે વરસાદ માટે રેડ એલર્ટ, જ્યારે 24 જુલાઈએ પંચમહાલ, દાહોદ અને મહીસાગર જિલ્લામાં તથા 25 જુલાઈએ દાહોદ અને મહીસાગરમાં રેડ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. હવામાન વિભાગે નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાવા, નદીઓમાં જળસ્તર વધવા અને પ્રવાસ દરમિયાન સાવચેતી રાખવાની અપીલ કરી છે.

હવામાન વિભાગના જણાવ્યા મુજબ સરેરાશ સમુદ્ર સપાટી પર મોન્સૂન ટ્રફ હાલમાં બીકાનેર, બનસ્થલી વિદ્યાપીઠ, ગુના, દમોહ, પેન્દ્રા રોડ અને મિદનાપુર થઈને ઉત્તર-પૂર્વ બંગાળની ખાડી સુધી વિસ્તરેલો છે. ઉપરાંત ઉત્તર મધ્ય પ્રદેશ ઉપર 7.6 કિલોમીટર ઊંચાઈ સુધી અપર એર સાયક્લોનિક સર્ક્યુલેશન સક્રિય છે. તેની સાથે 22 અંશ ઉત્તર અક્ષાંશ પર શિયર ઝોન યથાવત્ છે તેમજ જમ્મુ-કાશ્મીર વિસ્તાર ઉપર પશ્ચિમી વિક્ષેપ પણ સક્રિય હોવાથી ગુજરાત તરફ દક્ષિણ-પશ્ચિમથી પશ્ચિમ દિશાના ભેજયુક્ત પવનો સતત ફૂંકાઈ રહ્યા છે. આ તમામ પરિબળોના કારણે આગામી દિવસોમાં વરસાદી પ્રવૃત્તિમાં વધારો થવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે.

23 જુલાઈએ દક્ષિણ ગુજરાતમાં સૌથી વધુ અસર જોવા મળશે. સુરત, ડાંગ, નવસારી, વલસાડ ઉપરાંત દમણ અને દાદરા-નગર હવેલીમાં ભારેથી અતિભારે અને કેટલાક સ્થળોએ અત્યંત ભારે વરસાદની આગાહી સાથે રેડ એલર્ટ જાહેર કરાયું છે. ઉત્તર ગુજરાત અને મધ્ય ગુજરાતના મોટાભાગના જિલ્લાઓમાં હળવાથી મધ્યમ વરસાદ સાથે અનેક સ્થળોએ ભારે વરસાદ પડી શકે છે. સૌરાષ્ટ્રના સુરેન્દ્રનગર, રાજકોટ, પોરબંદર, જૂનાગઢ, અમરેલી, ભાવનગર, મોરબી, ગીર સોમનાથ અને બોટાદમાં પણ અનેક સ્થળોએ વરસાદની શક્યતા છે.

24 જુલાઈએ વરસાદનું કેન્દ્ર ઉત્તર અને મધ્ય ગુજરાત તરફ ખસશે. પંચમહાલ, દાહોદ અને મહીસાગર જિલ્લામાં અત્યંત ભારે વરસાદ માટે રેડ એલર્ટ જાહેર કરાયું છે. દક્ષિણ ગુજરાતમાં પણ મોટાભાગના વિસ્તારોમાં ભારેથી અતિભારે વરસાદની શક્યતા યથાવત્ રહેશે. ઉત્તર ગુજરાતના બનાસકાંઠા, પાટણ, મહેસાણા, સાબરકાંઠા, ગાંધીનગર, અરવલ્લી, ખેડા, અમદાવાદ અને આણંદ સહિતના જિલ્લાઓમાં વ્યાપક વરસાદની આગાહી કરવામાં આવી છે. 25 જુલાઈએ દાહોદ અને મહીસાગર જિલ્લામાં રેડ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. રાજ્યના અન્ય વિસ્તારોમાં પણ હળવાથી મધ્યમ વરસાદ સાથે અનેક સ્થળોએ ભારે વરસાદની સંભાવના છે. દક્ષિણ ગુજરાત અને ઉત્તર ગુજરાતમાં મોટાભાગના વિસ્તારોમાં વરસાદી માહોલ યથાવત્ રહેશે જ્યારે સૌરાષ્ટ્ર-કચ્છના કેટલાક વિસ્તારોમાં પણ સારા વરસાદની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે.

26થી 29 જુલાઈ દરમિયાન સમગ્ર રાજ્યમાં વરસાદી વાતાવરણ યથાવત્ રહેવાની શક્યતા છે. ઉત્તર ગુજરાત અને દક્ષિણ ગુજરાતના મોટા ભાગના જિલ્લાઓમાં હળવાથી મધ્યમ વરસાદ સાથે અનેક સ્થળોએ ભારે વરસાદ વરસી શકે છે. સૌરાષ્ટ્ર અને કચ્છમાં પણ છૂટાછવાયા સ્થળોએ વરસાદની આગાહી કરવામાં આવી છે. 28 અને 29 જુલાઈ દરમિયાન ઉત્તર ગુજરાતમાં અનેક સ્થળોએ વરસાદની શક્યતા છે જ્યારે દક્ષિણ ગુજરાત, કચ્છ અને સૌરાષ્ટ્રમાં પણ વરસાદી ઝાપટાં ચાલુ રહેવાનો અંદાજ વ્યક્ત કરવામાં આવ્યો છે.

હવામાન વિભાગે ખાસ કરીને રેડ એલર્ટ હેઠળના જિલ્લાઓમાં સ્થાનિક વહીવટી તંત્રને સતર્ક રહેવા, નદી-નાળા અને નીચાણવાળા વિસ્તારો પર નજર રાખવા તેમજ નાગરિકોને બિનજરૂરી મુસાફરી ટાળવા અને હવામાન વિભાગની સૂચનાઓનું પાલન કરવાની અપીલ કરી છે.

અનિલ અંબાણીની રિલાયન્સ કંપની સંચાલિત અણુ ઊર્જા મથકનો ડેટા ડાર્ક વેબ પર વેચાય છે

દુનિયામાં નેટ ઉપરનો કોઈ પણ ડેટા હવે સલામત નથી. ભારતના સૌથી મોટા પરમાણુ પાવર પ્લાન્ટ કુડનકુલમ ન્યુક્લિયર પાવર પ્લાન્ટ સંબંધિત સંવેદનશીલ માહિતી સાયબર હુમલામાં લીક થઈ જવાને કારણે ચકચાર મચી ગઈ છે. રોઇટર્સના અહેવાલ મુજબ, કુખ્યાત રેન્સમવેર જૂથ વર્લ્ડ લીક્સએ ડાર્ક વેબ પર કુડનકુલમ સંબંધિત હજારો ખાનગી દસ્તાવેજો અપલોડ કર્યા છે. આ દસ્તાવેજો અનિલ અંબાણીના રિલાયન્સ ગ્રુપના સર્વરમાંથી ચોરાઈ ગયા હતા અને તેમાં કુડનકુલમ ન્યુક્લિયર પ્રોજેક્ટ સંબંધિત મહત્ત્વપૂર્ણ માહિતી છે. દરમિયાન, રિલાયન્સ ગ્રુપે આંશિક ડેટા ભંગની પુષ્ટિ કરી છે પરંતુ અસરગ્રસ્ત ચોક્કસ ડેટા જાહેર કર્યો નથી. રોઇટર્સના અહેવાલ મુજબ, વર્લ્ડ લીક્સ નામના સાયબર ક્રિમિનલ જૂથે રિલાયન્સ ગ્રુપ સંબંધિત આશરે ૮,૫૮,૦૦૦ ફાઇલો ડાર્ક વેબ પર અપલોડ કરી છે. આમાંથી આશરે ૧૯,૦૦૦ ફાઇલો કુડનકુલમ ન્યુક્લિયર પ્લાન્ટ સાથે સંબંધિત હોવાનું માનવામાં આવે છે. આ દસ્તાવેજોમાં યુનિટ ૩ અને ૪ માટે વેન્ટિલેશન અને ફ્યૂલિંગ સિસ્ટમ્સની બ્લુપ્રિન્ટો, કંટ્રોલ રૂમનો ફ્લોર પ્લાન, સાધનોના પરીક્ષણ અને નિરીક્ષણ અહેવાલો, સપ્લાયર્સ અને કોન્ટ્રાક્ટરોની યાદી, મીટિંગ રેકોર્ડ, વીમા દસ્તાવેજો, તકનીકી દરખાસ્તો અને અન્ય પ્રોજેક્ટ-સંબંધિત ફાઇલોનો સમાવેશ થાય છે.

આ દસ્તાવેજો ૨૦૧૬ થી ૨૦૨૫ સુધીના હોવાનું કહેવાય છે. અનિલ અંબાણીના રિલાયન્સ ગ્રુપે તેના એક સર્વર પર ડેટા ભંગ થયો હોવાની વાત સ્વીકારી છે. આ સર્વર ભારતીય ડેટા સેન્ટર સેવા પ્રદાતા યોટ્ટા દ્વારા હોસ્ટ કરવામાં આવ્યું હતું. સરકારને આ ઘટનાની જાણ કરવામાં આવી છે. જો કે, કંપનીએ સ્પષ્ટ કર્યું નથી કે કયો ડેટા ચોરાઈ ગયો છે. ડેટા સેન્ટર કંપની યોટ્ટાએ જણાવ્યું હતું કે ૨૯ મેના રોજ રિલાયન્સ ઇન્ફ્રાસ્ટ્રક્ચરના સર્વર પર શંકાસ્પદ પ્રવૃત્તિ જોવા મળી હતી. શંકાસ્પદ પ્રવૃત્તિ તાત્કાલિક બંધ કરી દેવામાં આવી હતી. રેન્સમવેર સક્રિય થાય તે પહેલાં જ તેને બ્લોક કરી દેવામાં આવ્યું હતું. જો કે, જૂનના અંતમાં રિલાયન્સે માહિતી આપી હતી કે બાહ્ય સાયબર ગુનેગારો ડેટાચોરીનો દાવો કરી રહ્યા હતા. અણુ ઊર્જા જેવું દેશની સુરક્ષા માટેનું સંવેદનશીલ ક્ષેત્ર ખાનગી કંપનીને સોંપવાની સરકારની નીતિની પણ ટીકા થઈ રહી છે.

તમિલનાડુના તિરુનેલવેલી જિલ્લામાં સ્થિત કુડનકુલમ ન્યુક્લિયર પાવર પ્લાન્ટ ભારતનો સૌથી મોટો ન્યુક્લિયર પાવર પ્લાન્ટ છે. અહીં કુલ છ ન્યુક્લિયર રિએક્ટર પ્રસ્તાવિત છે. યુનિટ ૧ અને ૨ પહેલાથી જ કાર્યરત છે. યુનિટ ૩ અને ૪ બાંધકામ હેઠળ છે અને ૨૦૨૭ સુધીમાં કાર્યરત થવાની અપેક્ષા છે. બંને યુનિટ આશરે ૨,૦૦૦ મેગાવોટ વીજળી ઉત્પન્ન કરશે. અનિલ અંબાણીના રિલાયન્સ ઇન્ફ્રાસ્ટ્રક્ચરને ૨૦૧૮ માં આ પ્રોજેક્ટ માટે ઇન્ફ્રાસ્ટ્રક્ચર વિકસાવવા માટે કોન્ટ્રાક્ટ આપવામાં આવ્યો હતો. કુડનકુલમ પરમાણુ પ્લાન્ટ પર સાયબર હુમલો થયો હોય તેવી આ પહેલી ઘટના નથી. ૨૦૧૯ માં ઉત્તર કોરિયા સાથે જોડાયેલા હેકર જૂથનો માલવેર કુડનકુલમ પ્લાન્ટના વહીવટી નેટવર્ક પર મળી આવ્યો હતો. તે સમયે, NPCIL એ જણાવ્યું હતું કે તપાસમાં પ્લાન્ટની કામગીરી પર કોઈ અસર જોવા મળી નથી. અનિલ અંબાણીએ દેવાળું કાઢ્યું છે તો પણ દેશની સુરક્ષા માટે મહત્ત્વનો આવો કોન્ટ્રેક્ટ તેમને આપવા બાબતે સવાલો પૂછાઈ રહ્યા છે.

ડેટા સિક્યુરિટી કાઉન્સિલ ઓફ ઇન્ડિયા અને સેક્રાઈટના અહેવાલ મુજબ, ૭૩ ટકા ભારતીય સંસ્થાઓને ખબર પણ નથી કે તેમના પર ક્યારેય સાયબર હુમલો થયો છે કે નહીં. ૫૭ ટકા સંસ્થાઓમાં મૂળભૂત સાયબર સુરક્ષા સિસ્ટમનો પણ અભાવ છે. હાલમાં તે સ્પષ્ટ નથી કે ડાર્ક વેબ પરના બધા દસ્તાવેજો સાચા છે કે તેઓ રાષ્ટ્રીય સુરક્ષા માટે કેટલો ખતરો છે. જો કે, આ ડેટા લીકે ભારતના મુખ્ય પરમાણુ પ્રોજેક્ટોની સાયબર સુરક્ષા અંગે ગંભીર પ્રશ્નો ઊભા કર્યા છે. તપાસ એજન્સીઓના અહેવાલ પછી જ સ્પષ્ટ થશે કે ડેટાચોરી કેટલી વ્યાપક છે અને શું તે રાષ્ટ્રીય સુરક્ષા માટે કોઈ વાસ્તવિક ખતરો છે. સાયબર સુરક્ષા કંપની સર્ફશાર્કના ડેટા દર્શાવે છે કે ૨૦૨૫ માં ભારત વિશ્વમાં ત્રીજો સૌથી વધુ ડેટાભંગ કરનારો દેશ હતો. ડેટાભંગથી આશરે ૨.૮૯ કરોડ ઓનલાઈન એકાઉન્ટ પ્રભાવિત થયા હતા, જે અમેરિકા અને ફ્રાન્સ પછી બીજા ક્રમાંકે હતા.

કુડનકુલમ અણુ ઊર્જા મથકમાંથી લીક થયેલા દસ્તાવેજો પરમાણુ રિએક્ટરની કોર સિસ્ટમ સાથે સીધા સંબંધિત નથી, પરંતુ સાયબર સુરક્ષા નિષ્ણાતો માને છે કે જો આવી માહિતી ખોટા હાથમાં જાય તો તે પ્લાન્ટની સુરક્ષા સામે ખતરો ઊભો કરી શકે છે. કુડનકુલમ રિએક્ટરની કોર ટેકનોલોજી રશિયાની સરકારી કંપની રોસાટોમ દ્વારા વિકસાવવામાં આવી હતી. ન્યુક્લિયર થ્રેટ ઇનિશિયેટિવના વરિષ્ઠ અધિકારી નિકોલસ રોથે જણાવ્યું હતું કે જો કોઈ હુમલાખોર પ્લાન્ટની સપોર્ટ સિસ્ટમ્સ, સપ્લાયર નેટવર્ક અને ટેકનિકલ લેઆઉટ વિશેની માહિતી મેળવે તો તેઓ સુરક્ષા નબળાઈઓનો ઉપયોગ કરી શકે છે. ઇન્ડિયન કોમ્પ્યુટર ઇમરજન્સી રિસ્પોન્સ ટીમ (CERT-In) આ મામલાની તપાસ કરી રહી છે. ન્યુક્લિયર પાવર કોર્પોરેશન ઓફ ઇન્ડિયા લિમિટેડ (NPCIL) પણ રિલાયન્સ સાથે મળીને આ મામલાની સમીક્ષા કરી રહી છે. જો કે, NPCIL, પરમાણુ ઊર્જા વિભાગ અને પ્રધાનમંત્રીના કાર્યાલયે આ ડેટા લીક મામલે કોઈ ટિપ્પણી કરી નથી.

ડાર્ક વેબ એ ઇન્ટરનેટનો એક ભાગ છે, જેને સ્ટાન્ડર્ડ બ્રાઉઝર્સ દ્વારા એક્સેસ કરી શકાતું નથી. તેને એક્સેસ કરવા માટે ટોર બ્રાઉઝર જેવા વિશિષ્ટ બ્રાઉઝરની જરૂર પડે છે. સપ્લાય ચેઇન એટેક ત્યારે થાય છે ત્યારે હેકર્સ કોઈ સંસ્થા પર સીધો હુમલો કરવાને બદલે તેના કોન્ટ્રાક્ટરો, સોફ્ટવેર કંપનીઓ અથવા ડેટા સેન્ટરોને નિશાન બનાવે છે. આનાથી તેમના માટે વાસ્તવિક લક્ષ્ય સુધી પહોંચવાનું સરળ બને છે. ખંડણી માંગવા, ડેટા વેચવા, જાસૂસી કરવા, હેકિંગ ક્ષમતાઓ બતાવવા અથવા ભવિષ્યના હુમલાઓ માટે માહિતી શેર કરવાના હેતુથી હેકર્સ ડાર્ક વેબ પર ડેટા મૂકે છે. જો કંટ્રોલ રૂમનો લેઆઉટ લીક થાય તો હુમલાખોરોને મહત્ત્વપૂર્ણ પ્લાન્ટ સિસ્ટમ્સના સ્થાન અને સુરક્ષા સિસ્ટમો કેવી રીતે કાર્ય કરે છે તેની સમજ મળી શકે છે. આવી માહિતી ભવિષ્યના સાયબર હુમલાઓ અથવા ઘૂસણખોરીની યોજનાઓ બનાવવામાં મદદ કરી શકે છે.

વર્લ્ડ લીક્સ હેકર ગ્રુપનું મુખ્ય કામ કંપનીનો ડેટા ચોરી કરવાનું અને ખંડણી વસૂલવાનું છે. જો પૈસા ચૂકવવામાં ન આવે, તો તે ડાર્ક વેબ પર ડેટા જાહેર કરે છે. અગાઉ આ ગ્રુપે નાઇકી અને ટાટા ગ્રુપને નિશાન બનાવ્યું હતું. જૂનમાં આ ગ્રુપે ટાટા ગ્રુપનો ડેટા લીક કર્યો હતો, જેમાં એપલ અને ટેસ્લા જેવી મોટી બ્રાન્ડની ગુપ્ત ઘટક ડિઝાઇનોનો સમાવેશ થતો હતો. તે સમયે હેકર્સે ૧૫ લાખ ડોલરની માંગણી કરી હતી. જ્યારે કંપનીએ ઇનકાર કર્યો ત્યારે ડેટા લીક થઈ ગયો હતો. દસ્તાવેજોમાં એવો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે રિલાયન્સ ઇન્ફ્રાસ્ટ્રક્ચર અને ન્યુક્લિયર પાવર કોર્પોરેશન ઓફ ઇન્ડિયાએ વીમો લીધો હતો, જેના હેઠળ યુનિટ-૩ અથવા યુનિટ-૪ પર આતંકવાદી હુમલાના કિસ્સામાં ૧૧.૨ કરોડ ડોલર સુધીના વીમાનો દાવો કરી શકાય છે.

નિષ્ણાતો કહે છે કે પરમાણુ મથકો પર હંમેશા સાયબર હુમલાનો ખતરો રહે છે. આવા કિસ્સાઓમાં ફક્ત ડેટાચોરી જ નહીં પરંતુ મહત્ત્વપૂર્ણ માળખાગત સુવિધાઓ સાથે ચેડાં કરવાના પ્રયાસો પણ સામેલ હોઈ શકે છે. તેથી, કોઈ પણ દાવા માટે સંપૂર્ણ તકનીકી તપાસની જરૂર છે. સંબંધિત એજન્સીઓ હાલમાં ડાર્ક વેબ પર શેર કરવામાં આવેલી સામગ્રી અધિકૃત છે કે નહીં તેની ચકાસણી કરવા માટે મહેનત કરી રહી છે. જો આ ડેટા ઉલ્લંઘનની પુષ્ટિ થાય છે, તો તે ભારતનાં મહત્ત્વપૂર્ણ વ્યૂહાત્મક સ્થાપનો માટે ગંભીર સાયબર સુરક્ષા ખતરો ઊભો કરશે. જો કુડનકુલમ જેવા અણુ ઊર્જા મથકનો ડેટા લીક થઈ શકતો હોય તો ભારતીય લશ્કર અને સંરક્ષણ બાબતનો ડેટા પણ લીક થઈ શકે છે. આ ડેટા પાકિસ્તાન અને ચીન જેવા ભારતના દુશ્મનો સુધી પહોંચી જાય તો ભારતની સુરક્ષા જોખમમાં આવી શકે છે. આપણા સાયબર સુરક્ષા નિષ્ણાતો કરતાં હેકરો વધુ સજ્જ હોવાનું જણાય છે. અગાઉ ભારતના આધાર કાર્ડનો અને કોરોના વેક્સિન લેનારાં લોકોનો ડેટા લીક કરવામાં આવ્યો હતો. તપાસ પૂર્ણ થયા પછી જ સ્પષ્ટ થશે કે ડેટાભંગ કેટલો વ્યાપક છે અને કોણ જવાબદાર છે. સરકારે ડેટા સુરક્ષા માટે તમામ તાકીદનાં પગલાં લેવાં જરૂરી છે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

ડુ ધ પોઇન્ટ
■ સંજય વોરા ■

વર્લ્ડ લીક્સ હેકર ગ્રુપનું મુખ્ય કામ કંપનીનો ડેટા ચોરી કરવાનું અને ખંડણી વસૂલવાનું છે, જો હેકિંગનો ભોગ બનેલી કંપની પૈસા ન ચૂકવે તો તે ડાર્ક વેબ પર તેનો ડેટા જાહેર કરે છે

સાઇબર ફ્રોડ રોકવા બેંકો-પોલીસ વચ્ચે રિયલ-ટાઇમ કોઓર્ડિનેશન સિસ્ટમ બનશે

ગોલ્ડન અવરમાં જ ફ્રોડની રકમ ફ્રીઝ કરવા પર ભાર

5,300થી વધુ બેંક શાખાઓ સાથે રાજ્યવ્યાપી હાઈ લેવલ બેઠક

ગાંધીનગર : રાજ્યમાં વધી રહેલા ડિજિટલ ફ્રોડને રોકવા અને નાગરિકોની મહેનતની કમાણીને સુરક્ષિત રાખવા ગુજરાત સરકારે મહત્વપૂર્ણ પહેલ કરી છે. નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીની અધ્યક્ષતામાં ગિફ્ટ સિટીમાં યોજાયેલી ઉચ્ચસ્તરીય બેઠકમાં રાજ્યની અગ્રણી બેંકો અને પોલીસ વિભાગ વચ્ચે રિયલ-ટાઇમ સંકલન વધુ મજબૂત બનાવવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. ફ્રોડની ઘટના બન્યા બાદના 'ગોલ્ડન અવર'માં જ રકમ સંબંધિત બેંક ખાતામાં તાત્કાલિક ફ્રીઝ થઈ શકે તેવી ઝડપી વ્યવસ્થા વિકસાવવા ખાસ ભાર મૂકાયો હતો. આ પ્રકારની પરિણામલક્ષી પહેલ કરનાર ગુજરાત દેશનું પ્રથમ રાજ્ય બન્યું હોવાનું પણ બેઠકમાં જણાવાયું હતું.

બેઠકમાં રાજ્યની 5,300થી વધુ બેંક શાખાના અધિકારીઓ અને કર્મચારીઓ વિડિયો કોન્ફરન્સ દ્વારા જોડાયા હતા. અત્યાર સુધીના તમામ સાઇબર ફ્રોડના કેસોનું વિશ્લેષણ કરીને ગુનેગારોની કામગીરીની પદ્ધતિ (મોડસ ઓપરેન્ડી) સમજવા અને તે આધારે આગોતરા સુરક્ષા ઉપાયો ઘડવા સૂચનાઓ આપવામાં આવી હતી.

નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે પોલીસ અથવા બેંક સ્તરે એકાઉન્ટ ફ્રીઝ કરવામાં થયેલો માત્ર બે મિનિટનો વિલંબ પણ કોઈ પરિવારની આખી જિંદગીની બચત ગુમાવવાનું કારણ બની શકે છે. આ માત્ર નિયમોનું પાલન નહીં, પરંતુ નાગરિકોના ડિજિટલ બેંકિંગ પ્રત્યેના વિશ્વાસને જાળવી રાખવાનો સંવેદનશીલ પ્રયાસ છે.

તેમણે ખાસ કરીને સિનિયર સિટિઝનોને નિશાન બનાવી થતા 'ડિજિટલ એરેસ્ટ' સહિતના સાયબર ફ્રોડનો ઉલ્લેખ કરતાં બેંકોને સૂચન કર્યું કે કોઈ વૃદ્ધ વ્યક્તિ મોટી રકમની ફિક્સ ડિપોઝિટ તોડવા કે ઉપાડવા આવે ત્યારે બેંક સ્ટાફે સતર્કતા દાખવી જરૂરી પૂછપરછ કરવી જોઈએ. અમદાવાદની એક બેંકના કર્મચારીઓની સતર્કતાથી લાખો રૂપિયાની છેતરપિંડી અટકાવવાનો કિસ્સો પણ તેમણે ટાંક્યો હતો.

બેઠકમાં બેંકોની ઇન્ટેલિજન્સ સિસ્ટમ અને પોલીસ વચ્ચે રિયલ-ટાઇમ માહિતીની આપ-લે વધારવા, શંકાસ્પદ ટ્રાન્ઝેક્શન પર તાત્કાલિક કાર્યવાહી કરવા અને નવા ખાતાં ખોલતી વખતે ગુણવત્તાસભર કેવાયસી પ્રક્રિયા સુનિશ્ચિત કરવા પર ભાર મૂકાયો હતો.

BCA નર્સિંગ સહિતના પેરામેડિકલ અભ્યાસક્રમોમાં પ્રવેશમાં 36 હજારથી વધુ વિદ્યાર્થીઓએ નોંધણી કરાવી

અમદાવાદઃ શૈક્ષણિક વર્ષ 2026-27 માટે પ્રથમ વર્ષ ફિઝિયોથેરાપી, બી.એસસી. નર્સિંગ, જી.એન.એમ., એ.એન.એમ., નેચરોપથી, બી.એ.એસ.એલ.પી., ઓર્થોટિક્સ એન્ડ પ્રોસ્થેટિક્સ, ઓપ્ટોમેટ્રી અને ઓક્યુપેશનલ થેરાપી અભ્યાસક્રમોની પ્રવેશ પ્રક્રિયામાં 22 જુલાઈ સુધીમાં કુલ 36,692 વિદ્યાર્થીઓએ પીન ખરીદ્યા છે. બીએસસી નર્સિંગ સહિતના પેરામેડિકલ અભ્યાસક્રમોમાં પ્રવેશ માટે 36,239 વિદ્યાર્થીએ ઓનલાઈન નોંધણી પૂર્ણ કરી છે. તેમાંથી 34,274 વિદ્યાર્થીના ડોક્યુમેન્ટ વેરિફિકેશન પણ પૂર્ણ કરવામાં આવી છે. આજે છેલ્લો દિવસ 22 જુલાઈના રોજ જ 437 વિદ્યાર્થીએ પીન ખરીદ્યા, 489 વિદ્યાર્થીએ નોંધણી કરાવી અને 683 વિદ્યાર્થીના દસ્તાવેજોની ચકાસણી કરવામાં આવી હતી. રાજ્યભરની સરકારી તથા સેલ્ફ ફાયનાન્સ મળી કુલ 1,165 સંસ્થામાં કુલ 56,754 બેઠક ઉપલબ્ધ છે.

BUSINESS મિત્ર

મીડલ ઇસ્ટમાં તણાવ વધતા ક્રુડ ઓઇલ 95 ડોલર નજીકઃ રોકાણકારોના 4 લાખ કરોડ રૂપિયા સ્વાહા

ટ્રમ્પના જેનરિક દવા પરના ટેરિફથી ભારતીય શેરબજાર ધ્રુજ્યું

વાણિજ્ય પ્રતિનિધિ તરફથી

અમદાવાદ, તા. 22 : ભારતીય શેરબજારમાં આજે વેચવાલી હાવી રહી હતી અને નિફ્ટીએ 24000 પોઇન્ટની સપાટી તોડી નાંખી હતી. અમેરિકા અને ઈરાન વચ્ચે વધતો તણાવ હોવાનું માનવામાં આવે છે. તેજ સમયે અમેરિકી રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની આયાતી જેનરિક દવાઓ પર તબક્કાવાર ટેરિફ લાદવાની યોજનાએ પણ રોકાણકારોની ચિંતા વધારી હતી. નવી યોજના હેઠળ ફાર્માસ્યુટીકલ કંપનીઓને બે વર્ષનો સમય આપવામાં આવશે, ત્યારબાદ આયાત ડયુટીમાં મોટો વધારો લાગુ કરવામાં આવશે. જેની પાછળ ફાર્મા સેકટરમાં ભારે વેચવાલી રહી હતી. જેના લીધે રોકાણકારોના ચાર લાખ કરોડ રૂપિયાનું ધોવાણ થઈ ગયું છે. આ વખતે બ્રોડર માર્કેટમાં પણ વેચવાલીના લીધે રોકાણકારોની સંપત્તિને નુકશાન થયું હતું.

બીજી તરફ, લાર્જેકેપ શેરોમાં દબાણ હોવા છતાં બ્રોડર માર્કેટ બજારને સંભાળી લેતું હતું, પણ આજે બ્રોડર માર્કેટમાં પણ નબળાઇ જોવા મળી હતી.

બીએસઇ સેન્સેક્સ 715.06 પોઇન્ટ એટલે કે 0.92 ટકા વધીને 76755.05 પોઇન્ટના સ્તરે બંધ રહ્યા હતા. આજે ઇન્ટ્રાડેમાં સેન્સેક્સ 77385 પોઇન્ટ સુધી ઉછળ્યો હતો, જ્યારે નીચામાં 76641 પોઇન્ટ સુધી ઘટ્યો હતો. નિફ્ટી 24000 પોઇન્ટની સપાટી તોડી હતી. નિફ્ટી 191.45 પોઇન્ટ એટલે કે 0.79 ટકા ઘટીને 23996.25 પોઇન્ટના સ્તરે બંધ રહી હતી. આજે ઇન્ટ્રાડેમાં નિફ્ટી 24166 પોઇન્ટ સુધી ઉછળી હતી, જ્યારે નીચામાં 23961 પોઇન્ટ સુધી ઘટી હતી. બેન્ક નિફ્ટી 708.55 પોઇન્ટ એટલે કે 1.23 ટકા ઘટીને 57126.80 પોઇન્ટના સ્તરે બંધ રહ્યા હતા.

બીએસઇ ખાતે ટીવીએસ હોલ્ડીંગ્સમાં 10.62 ગણા, મહિન્દ્રા-મહિન્દ્રામાં 7.29 ગણા, ક્રીસીલ લિ.માં 7.13 ગણા, ટ્રાઇડન્ટ લિ.માં 6.79 ગણા, બંધન બેન્કમાં 6.77 ગણા કામકાજ નોંધાયા છે. એનએસઇ ખાતે ટ્રાઇડન્ટ લિ.માં 15.35 ગણા, બંધન બેન્કમાં 12.6 ગણા, મહિન્દ્રા-મહિન્દ્રા ફાઇ.માં 10.99 ગણા, ટાટા ટેલી (મહારાષ્ટ્ર)માં 9.92 ગણા અને ડેટા પેટર્નમાં 9.91 ગણા કામકાજ નોંધાયા છે.

બ્રોડર માર્કેટમાં સુધારો અટક્યો હતો. બીએસઇ મિડકેપ ઇન્ડેક્સ 1.05 ટકા અને સ્મોલકેપ ઇન્ડેક્સ 1.39 ટકા ઘટ્યો હતો. જેના લીધે માર્કેટ બ્રેડથ નબળું રહ્યું હતું. બીએસઇ ખાતે 1471 શેરો વધ્યા હતા, જ્યારે 2767 શેરો ઘટયા હતા અને 193 શેરો યથાવત રહ્યા હતા.

કોમોડિટીઝ માર્કેટમાં ક્રુડ ઓઇલ 4.57 ટકા વીઈને 95.17 ડોલર પ્રતિ બેરલ થઇ ગયો હતો.

નિફ્ટી મીડિયા ઇન્ડેક્સ 2.68 ટકા ઘટ્યા હતા. જેમાં ટીપ્સ મ્યુઝીક, સારેગામા ઇન્ડિયા, નેટવર્ક 18 મીડિયા, ઝી એન્ટર, હેથવે કેબલ, પ્રાઇમ ફોકસ, નઝારા ટેકનો, ડીબી કોર્પ, પીવીઆર આઇનોક્સ અને સનટીવી નેટવર્ક ઘટ્યા હતા.

વૈશ્વિક સ્તરે યુકેમાં જુન મહિનાનો ફુગાવાનો દર ઘટીને આવ્યો હતો. જે માસિક ધોરણે 2.8 ટકાથી ઘટીને 2.6 ટકા પર પહોંચ્યો હતો. જે 2 ટકાના લક્ષ્ય તરફ આગેકૂચ કરી રહ્યું છે. જેના લીધે યુરોપિયન બજારો પોઝિટિવ ચાલ દર્શાવી રહ્યા છે. બીજી તરફ, હુથી બળવાખોરોએ મીડલ ઇસ્ટના સંઘર્ષમાં મોરચો ખોલવાની ધમકીથી રોકાણકારોએ યુએસ બજારો ઉછાળાના સંકેતો લેતા એશિયન બજારો મિશ્ર રહ્યા હતા.

હુથીની ધમકીઓ બાદ મંગળવારે એશિયામાં સાઉદી ક્રુડ લઇ જતા બે ઓઇલ ટેન્કરોએ લાલ સમુદ્રમાં માર્ગ બદલ્યો હતો. યુરોપિયન બજારોમાં એફટીએસઇ 1.16 ટકા, કેક 0.92 ટકા અને ડેક્સ 0.31 ટકા સુધારા સાથે ચાલી રહ્યા છે. એશિયન બજારોમાં નીક્કી 0.10 ટકા, હેંગસેંગ 1.04 ટકા, જકાર્તા 0.09 ટકા ઘટાડા સાથે બંધ રહ્યા હતા. જ્યારે સ્ટ્રેઇટસ 1.23 ટકા, તાઇવાન 1.32 ટકા, કોસ્પી 0.73 ટકા અને શાંઘાઇ 0.07 ટકા સુધારા સાથે બંધ રહ્યા હતા.

સેન્સેક્સ	-715.06	76755.05
નિફ્ટી	-191.45	23996.25
બેન્ક નિફ્ટી	-708.55	57126.80

નિફ્ટી

ટોપ ગેઇનર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
બજાજ ઓટો	5.72	10998.50
નેસલે ઇન્ડિયા	2.87	1493.60
ટાટા કન્ઝ્યુમર	1.24	1094.90
પાવરગ્રીડ	0.91	289.30
ઓએનજીસી	0.80	251.90

ટોપ લુઝર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
ઇન્ટરગ્લોબ	3.54	5117.00
જિયો ફાઇ.	2.18	234.80
ઇન્ફોસીસ	1.99	1052.10
ડો. રેડ્ડીઝ લેબ	1.92	1182.80
એસબીઆઇ	1.86	1025.00

સેન્સેક્સ

ટોપ ગેઇનર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
ઇટર્નલ	0.99	289.55
એચયુએલ	0.75	2158.00
પાવરગ્રીડ	0.58	288.30
એનટીપીસી	0.43	350.00
ટાઇટન કંપની	0.38	4705.65

ટોપ લુઝર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
ઇન્ટરગ્લોબ	3.68	5115.00
એક્સીસ બેન્ક	2.06	1232.00